**આંક–૧૧**

**શ્રી આર.એમ.કલોત્રા, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ,સુરત સમક્ષ.**

**રેફરન્સ** (ટી) **નં. ૧૧૯/૨૦૧૧**

**પ્રથમ પક્ષકાર** : મેનેજરશ્રી,
શકિત ઈન્સ્ટ્રીઝ
ઠે. પ્લોટ નં.૧૬૧/એ,ફાયરબ્રીગેડ પાસે,જુની હિમશનની બાજુમાં,
જી.આઈ.ડી.સી., પાંડેસરા,સુરત.

**વિરુઘ્ધ**

**બીજા પક્ષકાર** : હરીશભાઈ ભાણાભાઈ પટેલ,
ઠે. જીઆવ બુડીયા,મંદિર મહોલ્લો,વાયા ભેસ્તાન, સુરત.

**પ્રતિનિધિત્વ** : બીજા પક્ષકાર તરફે...પ્રતિનિધિશ્રી હરીશભાઈ રાણા
પ્રથમ પક્ષકાર તરફે :– કોઈ હાજર નથી.

**:: એવોર્ડ ::**

હાલનો રેફરન્સ મદદનીશ મજૂર કમિશ્નર, સુરતનાઓએ તેમની કચેરીનાં તા. ૧૩/૦૬/૧૧ નાં હુકમ નં.કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/ ૫૯/૧૧ થી ધી આઈ. ડી. એકટની કલમ–૧૦(૧)(સી) ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસુચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારું અત્રે સુપ્રત કરેલ છે.

**અનુસૂચિ**

શ્રી હરીશભાઈ ભાણાભાઈ પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

૨. સદર કામે બીજા પક્ષકારને તેઓનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ જે અન્વયે બીજા પક્ષકારે આંક–૪થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે. તેની ટૂંકી હકિકત જોઈએ તો તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા ૨૧ વર્ષથી ટર્નર–ફીટર–વાઈન્ડર તરીકે માસીક રૂા.૮,૦૦૦/–ના પગારથી ફરજ બજાવતા હતા, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં પ્રત્યેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને મજૂર કાયદાઓ લાગુ પડે છે તે મુજબના લાભો બીજા પક્ષકારને તેઓ આપતા ન હતા. જેથી તેવા લાભોની બીજા પક્ષકારે માંગણી કરતાં તા.૦૭/૧૨/૨૦૧૦ ના રોજ પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કરેલ છે અને છુટા કરતાં પહેલાં નોટીસ, નોટીસપગાર, છટણી વળતર વિગેરે કાયદેસરના હકકો આપેલ નથી. તેથી બીજા પક્ષકારે નોકરીમાં પુન:સ્થાપિત થવા તા.૨૮/૦૨/૧૧ ના રોજ પ્રથમ પક્ષકારને નોટીસ મોકલેલ, પરંતુ પ્રથમ પક્ષકારે તેનો કોઈ જવાબ આપેલ નથી. આથી બીજા પક્ષકારને તા.૦૭/૧૨/૧૦ ના રોજ છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું હોવાનું જાહેર કરી, બીજા પક્ષકારે પડેલા દિવસના પુરા પગાર સહીત સળંગ સર્વીસથી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા અને રેફરન્સ ખર્ચ અપાવવા દાદ માંગેલ છે.

૩. બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ જવાબ રજુ કરવાની પ્રથમ પક્ષકારને નોટીસ કાઢવામાં આવેલ. પ્રથમ પક્ષકાર તરફે જવાબ રજુ કરવામાં આવેલ નથી. આથી

બીજા પક્ષકારની આંક–૯ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકારનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે આ કામે આંક–૬ થી પ્રથમ પક્ષકારને માંગણાનું નિવેદન મોકલેલ તેની પોષ્ટની પાવતી તથા પરત આવેલ કવર રજુ કરેલ છે. તથા આંક–૭ થી બીજાપક્ષ્કારે પ્રથમ પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપિત કરવા મોકલેલ વિનંતી પત્ર તથા તેની પોષ્ટ ખાતાની રસીદ,એકનોલેજમેન્ટ તથા સરકારી મજુર અધિકારી અને ગુમાસ્તાધારા નિરિક્ષકને આપેલ ફરીયાદની અસલ રજુ કરેલ છે.

૪. ત્યારબાદ મજકુર કામ બીજા પક્ષકારના પુરાવા પર રાખવામાં આવેલ. તેમ છતાં બીજા પક્ષકાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી. આ કામે બીજા પક્ષકારને અદાલત તરફથી પૂરતી તકો આપવા છતાં અદાલત સમક્ષ હાજર થયેલ નથી. બીજા પક્ષકારે આ કામે તા.૩૦/૧૨/૧૧ ના રોજ માંગણાનું નિવેદન રજુ કરેલ છે ત્યારબાદથી સદર કેસ કામદારના પુરાવા પર ચાલે છે તેમ છતાં તેઓ હાજર રહેતા નથી કે પુરાવો રજુ કરતા નથી તેથી બીજા પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૫. આ કામના બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકિકતો ઘ્યાનમાં લેતાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ટર્નર–ફીટર–વાઈન્ડર તરીકે ૨૧ વર્ષથી કામ કરતા હતા, તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ મૌખિક હુકમથી તા.૦૭/૧૨/૧૦ના રોજ છુટા કરેલ છે, છુટા કરતાં પહેલાં નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર વિગેરે આપેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી તેમ જણાવેલ છે. પરંતુ બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ કાયદાના પ્રસ્થાપિત

સિદ્ધાંતો જોતાં બીજા પક્ષકારે તેઓને નોકરીમાંથી છુટા કર્યા તે અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે તે પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકાર કામદારની છે. સદર કામે કેસની હકિકતો જોતાં બીજા પક્ષકારે તેઓને છુટા કર્યા અગાઉ ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કરેલ છે કે કેમ ? તે મૌખિક કે દસ્તાવેજી પુરાવા ધ્વારા પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામમાં બીજા પક્ષકારે છુટા કર્યા અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ કામ કરેલાનું પુરવાર થતું ન હોય, બીજા પક્ષકાર આઈ.ડી.એકટની કલમ–૨૫(એફ) મુજબના લાભો મેળવવા હકકદાર થતા નથી. આ કામે બીજા પક્ષકારને અદાલત તરફથી તેમનો કેસ પુરવાર કરવાની પૂરતી તક આપવા છતાં બીજા પક્ષકાર હાજર રહેલ નથી અને કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. તેમજ બીજા પક્ષકાર તેમના માંગણાના નિવેદનની હકિકતો મૌખિક કે દસ્તાવેજી પુરાવા દ્વારા પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય તેઓ નોકરીમાં પુન:સ્થાપિત થવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર થતા ન હોય તેઓનો રેફરન્સ રદ કરવાને પાત્ર થતો હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવામાં આવે છે.

૨. રેફરન્સના ખર્ચનો કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત.
તા.૦૩/૦૨/૨૦૧૮

**(રાજેશકુમાર મોહનભાઈ કલોત્રા)**
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01035